# રાજ્યમાં કોરોનાથી હાહાકાર : વધુ ૪૪૧ કેસ

## રાજ્યમાં કુલ કેસ ૬૨૪૫ : અમદાવાદમાં ૩૪૯ કેસ, અમદાવાદમાં ૩૯ સહિત રાજ્યમાં કુલ ૪૯ના મોત, ગુજરાતમાં મૃત્યુઆંક ૩૬૮

ગાંધીનગર, તા.૫

રાજ્યમાં આજે સૌથી વધુ એટલે કે ૪૪૧ કેસ નોંધાતા ભારે હાહાકાર મચી જવા પામ્યો હતો. સાથો સાથ અત્યાર સુધીમાં સૌથી વધુ મૃત્યુ ૪૯ નોંધાયા હતા. જાણે કે મોતનું તાંડવ આરંભાયું હોય, અમદાવાદમાં પણ વધુ ૩૪૯ કેસ નોંધાયા હતા અને ૩૯ મૃત્યુ નોંધાતા સમગ્ર અમદાવાદમાં ગંભીર સ્થિતિનું નિર્માણ થયું હતું. રાજ્ય સરકાર પણ ભારે ચિંતામાં મુકાતા રાજ્યના વરિષ્ઠ અધિકારીઓને અમદાવાદની સ્થિતિ સંભાળી લેવા મોડી રાત્રે હુકમો કરાયા હતા.

મોડી સાંજે મુખ્ય સચિવ શ્રી અનિલ મુકીમ અને મુખ્યમંત્રીના મુખ્ય સચિવ શ્રી કૈલાસનાથનની નિશ્રામાં અમદાવાદ ખાતે ઉચ્ચ અધિકારીઓની બેઠક યોજાઈ હતી. જેમાં શહેરના ડે.કમિશનરોને જરૂરી માર્ગદર્શન અપાયું હતું.

અત્રે ઉલ્લેખનીય છે કે, અમદાવાદના મ્યુ. કમિશનર વિજય નેહરા કોઈ કોરોના પોઝિટીવ દર્દીના સંપર્કમાં આવવાના કારણે ૧૪ દિવસ માટે હોમ કોરોન્ટાઈન થયા છે. આજે અમદાવાદના ડેપ્યુટી કમિશનરને પણ કોરોના પોઝિટીવ આવ્યો હતો. જેથી મહાનગરપાલિકાના તંત્રમાં હડકંપ સર્જાયો હતો. અમદાવાદમાં વધુ ૩૪૯ કેસ નોંધાતા માત્ર અમદાવાદ શહેરમાં જ ૪૪૨૫ સંક્રમિતોની સંખ્યા પહોંચી હતી.

આમ અમદાવાદની સ્થિતિ ભયાકન બની જવા પામી છે.કોરોના વાઈરસના સંક્રમણને રોકવા માટે લોકડાઉન જાહેર હોવાથી અમદાવાદમાં પોલીસ પાસે પુરતા બેરીકેટો નહીં હોવાથી લાકડાની આડાશો મુકવામાં આવી છે તો કેટલીક જગ્યાએ ઓટોરીક્ષા અને પતરા મારીને રસ્તા બંધ કર્યા છે. જેના લીધે હવે આડાશો મુકવા માટે લાકડા અને પતરા ખુટી પડયા છે. તો ઉચ્ચ પોલીસ અધિકારીઓએ હેડ કવાર્ટસ તથા અન્ય પ્રાઈવેટ જગ્યાએથી બેરીકટરોની માંગણી કરી છે. આમ છતા લોકો ગલ્લીઓમાંથી બહાર નીકળીને સવાર અને સાંજ ફરી રહ્યા છે. બીજી તરફ બપોરના એક થી ચાંર પોલીસ આરામ ફરમાવતી હોય ત્યારે લોકો ગરમીમાં જુદા જુદા બહાને બહાર નીકળી રહ્યા છે.

અમદાવાદના મોટાભાગના વિસ્તારમાં પ્રવેશવાના માર્ગો ૧૫ થી ૨૫ જેટલા છે જેની સામે પોલીસ પાસે બેરીકેટ ત્રણ જેટલા હોવાથી ત્યાં લોકો ગલીઓમાંથી બહાર નીકળીને ફરી રહ્યા છે. એક પોલીસ અધિકારીએ નામ નહી આપવાની શરતે જણાવ્યુ હતુ કે દરેક પોલીસ મથક વિસ્તારમાં ઓછામા ઓછા ૨૫થી વધુ બેરીકેટ હોય તો પોલીસ લોકડાઉનનો અમલ કરી શકે પરંતુ વાસ્તવિક સ્થિતિ જોઈએ તો પોલીસ પાસે બેરીકેટ નથી.જેના લીધે પોલીસ મડપવાળા પાસેથી લાકડા મેળવીને તેની આડાશો મુકીને રસ્તા બંધ કરી દીધા છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૪૪૨૫ | ૨૭૩ | ૭૦૪ |
| વડોદરા | ૪૦૫ | ૩૦ | ૧૫૮ |
| સુરત | ૭૨૩ | ૩૩ | ૨૮૨ |
| રાજકોટ | ૬૨ | ૦૧ | ૨૬ |
| ભાવનગર | ૭૬ | ૦૫ | ૨૧ |
| આણંદ | ૭૫ | ૦૬ | ૩૭ |
| ભરૂચ | ૨૭ | ૦૨ | ૨૨ |
| ગાંધીનગર | ૭૯ | ૦૪ | ૧૪ |
| પાટણ | ૨૪ | ૧ | ૧૨ |
| પંચમહાલ | ૪૯ | ૦૩ | ૦૬ |
| બનાસકાંઠા | ૪૯ | ૦૧ | ૧૪ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૧૨ |
| છોટાઉદેપુર | ૧૪ | ૦૦ | ૧૧ |
| કચ્છ | ૦૭ | ૦૧ | ૦૫ |
| મહેસાણા | ૪૨ | ૦૦ | ૦૭ |
| બોટાદ | ૪૧ | ૦૧ | ૦૬ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૧૩ | ૦૦ | ૦૨ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૩ |
| ખેડા | ૧૬ | ૦૧ | ૦૩ |
| જામનગર | ૦૪ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૧ |
| સાબરકાંઠા | ૦૯ | ૦૧ | ૦૩ |
| અરવલ્લી | ૨૨ | ૦૨ | ૧૪ |
| મહીસાગર | ૪૦ | ૦૧ | ૦૭ |
| તાપી | ૦૨ | ૦૦ | ૦૧ |
| વલસાડ | ૦૬ | ૦૧ | ૦૨ |
| નવસારી | ૦૮ | ૦૦ | ૦૪ |
| ડાંગ | ૦૨ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૧ |
| દેવભૂમિ દ્વારકા | ૦૩ | ૦૦ | ૦૦ |
| જૂનાગઢ | ૦૨ | ૦૦ | ૦૦ |
| **કુલ** | **૬૨૪૫** | **૩૬૮** | **૧૩૮૧** |

# બનાસકાંઠામાં વાવાઝોડા સાથે કમોસમી વરસાદથી બે વ્યક્તિના મોત

## પાલનપુરમાં બીએસએનએલનું ટાવર ધરાશાયી...જિલ્લામાં ઠેર ઠેર મકાનો ઉપરથી પતરાં ઉડ્યા, વૃક્ષો ધરાશાયી થયા

બનાસકાંઠા જિલ્લામાં સોમવારે રાત્રે વાવાઝોડા સાથે પડેલા કમોસમી વરસાદે અનેક સ્થળે







વિનાશ વેર્યો હતો. જ્યાં દાંતીવાડા અને ભાભરપંથકમાં બે વ્યક્તિઓના મોત નિપજ્યા હતા. તેમજ ઠેરઠેર વૃક્ષો, વીજ થાંભલાઓ ધરાશાયી થયાં હતા.ખેતીના પાકને પણ નુકશાન થતાં ખેડૂતોને રાતા પાણીએ રોતા કર્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં છેલ્લા દસ વર્ષની ગ્લોબલ વૉમિંગના કારણે હવામાનમાં પલટો નોંધાઇ રહ્યો છે. જ્યાં શિયાળા અને ઉનાળાની ઋતુમાં કમોસમી વરસાદ પડી રહ્યો છે. ચોમાસામાં ક્યારેક અતિવૃષ્ટિ અથવા તો અનાવૃષ્ટિનો સામનો કરવો પડી રહ્યો છે. આવી સ્થિતિમાં જિલ્લામાં સોમવારે રાત્રે પુનઃ વાતાવરણમાં પલટો આવ્યો હતો. જ્યાં વીજળીના ચમકારા અને કડાકા ભડાકા સાથે વાવાઝોડું ત્રાટક્યું હતું. જ્યાં પાલનપુરમાં બીએસએનએલ કચેરી ઉપરનો ટાવર ધરાશાયી થઈ બાજુની પોસ્ટ ઓફિસ ઉપર પડ્યો હતો. જોકે, રાત્રીના સમયે કોઈ ન હોવાથી મોટી જાનહાની ટળી હતી. આ ઉપરાંત શહેરમાં ઠેરઠેર હૉર્ડિંગ્સ, વૃક્ષો પડી ગયા હતા. હનુમાન ટેકરી વિસ્તારમાં ૬૬ કેવીનો વિજ વાયર તુટી પડતા શહેરમાં મોટાભાગના વિસ્તારમાં વિજ પુરવઠો ખોરવાઇ ગયો હતો.ત્યારબાદ વિજ કંપની દ્વારા રાતો રાત ક્રેનની મદદથી જીવના જોખમે કામ કરી વિજ પુરવઠો કાર્યરત કરવામાં આવ્યો હતો.તેમજ વડગામ તાલુકાના આંબતપુરામાં ઘર મકાનના છાપરા ઉડ્યા હતા. જેમાં ગણેશભાઈ ઉમેદભાઈ ધુળીયાના ખેતરના, પટેલ દલસંગભાઈ ભેમજીભાઈનું ફોર્મ હાઉસ, ઠાકરડા અમરાજી જેનાજીના રહેઠાણનુ મકાન, ઠાકરડા જવાનજી વાલાજીના રહેઠાણનુ મકાન અને ગલબાજી શંકરજીનુ રહેઠાણના ફોર્મ હાઉસ અને રહેઠાણના મકાનના છાપરાં ઉડ્યાં હતા. ગામના સરપંચ અને તલાટી ગીતાબેન દ્વારા નુકશાનનું સર્વે કરાયું હતું.

ડીસાના રાણપુર, શેરપુરા, ડાવસ,ભડથ, માલગઢ સહિત અને અનેક ગામોમાં ઘરો પડી જવાના, ઝાડ પડતા નુકસાન, વાહનો ને નુકસાન સાથે કોલ્ડસ્ટોરેજના પતરા ઉડી જતા પણ નુકસાન થયેલ તો અનેક જગ્યાએ વીજ કંપનીના થાંભલા પણ ધરસાઈ થયા છે. આમ ડીસા માં આ વિનાશક વાવાજોડા ના કારણે વ્યાપક નુકશાન થવા પામ્યું છે. હાલ બાજરી,અને સક્કરટેટી,તરબૂચ ને મોટું નુકસાન થવા પામ્યું છે. ડીસાના રાણપુર ગામે નરેશ ભીખાભાઈ, પ્રકાશ ભીખાભાઈ, બાબુ ભીખાભાઈ પરમારના ઘરો પર ઝાડ પડતા નોંધારા બની જવા પામ્યા છે. આ પરિવારો ને સરકાર દ્વારા વળતર ચુકવવામાં આવે તેવી માંગ છે.

ધાનેરા તાલુકામાં સરાલ, વીડ, આસિયા, યાવરપુરા, જોરાપુરા, નાંદલા, ધાણા તેમજ આજુબાજુના ગામડાઓમાં ચક્રાવતના કારણે ખેડુતોને ખેતરમાં ઓ માટે બનાવેલ સેડ પણ ઉડી જવા પામ્યા હતા. સાથે સાથે મોટા વરસાદી કરાઓ પડતાં બાજરીના પાકને નુકસાન થવા પામ્યુ હતુ.જ્યારે કેટલાય ઝાડ પણ રસ્તામાં પડી જતાં રસ્તાઓ બંધ થવા પામ્યા હતા. મંગળવારે ધાનેરા તાલુકા વિકાસ અધિકારી રઘુભાઈ ચૌધરીએ આ બાબતે નુકસાનીની તપાસ કરવા માટે તમામ તલાટીઓ ને સુચના આપીને આ બાબતે સર્વે કરવાની કામગીરી સોપવામાં આવી હતી.

# મોડાસામાં દુકાનો ખુલતા સોશિયલ ડીસ્ટન્સના લીરેલીરા ઉડ્યા...

લોકડાઉન છતાંય કોરોના વાયરસનો કહેર દેશમાં સતત વધતો જઈ રહ્યા છે. કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના મતે દેશમાં




અત્યાર સુધીમાં કોરોના વાયરસ સંક્રમિતોની સંખ્યા ૪૦ હજારને પાર થઈ ગઈ છે. અત્યાર સુધી વાયરસની ઝપટમાં આવવાથી ૧૩૦૦ થી વધુ દર્દીઓના મોતને ભેટ્યા છે જ્યારે ૧૦ હજારથી વધુ લોકો સ્વસ્થ થઈ ચૂકયા છે. પરંતુ સૌથી વધુ ચિંતાજનક સ્થિતિ મહારાષ્ટ્ર, ગુજરાત, અને દિલ્હીની છે જ્યાં સ્થિતિ બગડી રહી છે. અરવલ્લી જિલ્લાનો રેડ ઝોનમાં સમાવેશ કરવામાં આવ્યો છે. જિલ્લા કલેટરે રેડ ઝોનના પગલે જાહેરનામું પણ બહાર પાડ્યું હોવા છતાં મોડાસા શહેર સહીત જીલ્લાના અન્ય બજારો પણ રાબેતા મુજબ ખુલતા પોલીસતંત્રે દુકાનો બંધ કરાવવા જહેમત ઉઠાવવી પડી હતી.

સોમવારે સવારે લોકડાઉન-૩ ના પ્રથમ દિવસે મોડાસા શહેરમાં કેટલાક વેપારીઓ અને નાના-મોટા ધંધાર્થીઓ જિલ્લો રેડ ઝોનમાં હોવા છતાં જિલ્લા કલેક્ટરના જાહેરનામાને ઘોળીને પી ગયા હોય તેમ રાબેતા મુજબ બજારો ખુલતા અને લોકો પણ કોરોના સામે સભાન ન હોય તેમ બજારમાં ઉમટી પડતા અનેક વિસ્તારોમાં ભીડ જોવા મળી હતી. મોડાસા સહીત જીલ્લામાં માસ્ક કે મોઢા પર કપડું બાંધવાનું ફરજીયાત હોવા છતાં લોકો મોઢું ખુલ્લું રાખી ખરીદી કરવા ઉમટ્યા હતા. ગ્રામ્ય વિસ્તારોમાં પણ મોટા ભાગની દુકાનો ખુલી હતી. મોડાસા શહેરમાં સોશ્યલ ડીસ્ટન્સની પરવા કર્યા વગર ફરતા અને ડબલ સવારી બાઈક ચાલકો રખડતા જોવા મળ્યા હતા. મોડાસા શહેરમાં પોલીસતંત્રએ આવશ્યક ચીજવસ્તુઓની દુકાનો સિવાય બજારની તમામ દુકાનો બંધ કરવા કવાયત હાથ ધરી હતી.

## ધાનેરામાં વિસ્તારમાં કમોસમી વરસાદ અને ભારે પવન ફુંકાયો

બનાસકાંઠા જિલ્લાના ધાનેરામાં ગઈકાલે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો અને સમગ્ર આકાશ કાળા ડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું જોતજોતામાં જ ભારેપવન ફૂંકાવા લાગ્યો હતો અને વીજળીના કડાકા સાથે વરસાદી ઝાપટા પણ શરૂ થયા હતા વરસાદી ઝાપટાં શરૂ થતાની સાથે જ ધાનેરામાં વીજળી ગુલ થઈ હતી અને સમગ્ર ધાનેરા શહેરમાં અંધારપટ છવાઈ જવા પામ્યો હતો તો બીજી તરફ ભારે પવનને લઈને કેટલાક મકાન તો કેટલાક પશુઓ માટે બનાવેલ શેડ ના પતરા પણ ઉડી જવા પામ્યા હતા તો કેટલીક જગ્યા પર પતરા પત્ર પશુઓ પર પડતાં પશુઓને પણ નાની-મોટી ઈજા થવા પામી હતી.



## ડીસામાં પોલીસ જવાનોને મેથીના થેપલાનું વિતરણ

વિશ્વવ્યાપી કોરોના મહામારી સામે ભારતની પ્રાચીન આયુર્વેદ પદ્ધતિ કારગત નીવડી છે તેથી આયુર્વેદીક ગુણો ધરાવતી ચીજોનો ઉપાડ વધવા પામ્યો છે ત્યારે મેથીના થેપલાં બનાવતી એપલ લાઈફ સાયન્સ ફાર્માસ્યુટિકલ કંપની દ્વારા ડીસામાં સરદાર બાગ પાસે ફરજ બજાવતા કોરોના વોરિયર્સ પોલીસ જવાનોને મેથીના થેપલાના ૫૦ પેકેટનું વિતરણ કરવામાં આવ્યું હોવાનું કંપનીના સુંદરસિંહ રાજપુતે જણાવ્યું હતું. આમ કોરોના વોરિયર્સની કદર કરી કંપનીએ સાચા અર્થમાં સામાજિક દાયિત્વ પણ નિભાવ્યું હતુ.

### રૌદ્ર સ્વરૂપ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

ભારત સરકાર પણ આ કામમાં નેવીની મદદ લેશે. માહિતી અનુસાર લોકોને પાછા લાવવા માટે સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોટોકોલ પણ તૈયાર કરવામાં આવ્યો છે. ઉધરસ, તાવ અથવા શરદીવાળા લોકોને મુસાફરી કરવાની મંજૂરી નથી. ગૃહ મંત્રાલયે જણાવ્યું હતું કે ફ્લાઇટ પહેલા મુસાફરોની તબીબી તપાસ કરવામાં આવશે. ઉધરસ, તાવ અથવા શરદીનાં લક્ષણો ધરાવતા ભારતીયોને મુસાફરી કરવાની છૂટ રહેશે નહીં. તે જ સમયે, ભારત આવ્યા પછી, આ લોકોને ૧૪ દિવસ માટે હોસ્પિટલમાં અથવા અન્ય કોઈ સ્થળે ક્વોરેન્ટાઇનમાં રાખવામાં આવશે. મુસાફરી દરમિયાન, મુસાફરોએ આરોગ્ય મંત્રાલય અને નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા બહાર પાડવામાં આવેલા આરોગ્ય પ્રોટોકોલનું પાલન કરવું આવશ્યક છે. ગૃહમંત્રાલયે કહ્યું કે ભારતીય રેલ્વેએ ફસાયેલા લોકોને અન્ય રાજ્યોમાં લાવવા ૬૨ શ્રમિક સ્પેશિયલ ટ્રેનો ચલાવી છે. આજે વધુ ૧૩ ટ્રેનો દોડાવવામાં આવી રહી છે જે અન્ય રાજ્યોના લોકોને તેમના ગૃહ રાજ્યો લઈ જશે. ગૃહ મંત્રાલયે કહ્યું કે બહાર નીકળતી વખતે દરેકને ચહેરો માસ્ક પહેરવો ફરજિયાત છે. ઉપરાંત, લોકોએ પોતાની વચ્ચે બે યાર્ડનું અંતર જાળવવું આવશ્યક છે. શેરીઓમાં અથવા ખુલ્લી જગ્યામાં થૂંકવું એ શિક્ષાપાત્ર ગુનો છે. ખુલ્લામાં નશો કરવા પર પણ પ્રતિબંધ છે. લોકડાઉન દરમિયાન કોઈ દુકાન પર ૫ થી વધુ લોકો એકઠા થઈ શકતા નથી. આ લોકોએ માસ્ક પણ પહેરવા જોઈએ. આ લોકોએ સામાજિક અંતરને પણ અનુસરવું પડશે. લગ્ન સમારોહમાં અથવા અંતિમ સંસ્કારમાં આવતા લોકોની મહત્તમ સંખ્યા નિશ્ચિત છે. ૫૦ થી વધુ લોકો લગ્નમાં ભાગ લઈ શકશે નહીં. જ્યારે અંતિમ સંસ્કારમાં ૨૦ થી વધુ લોકોને મંજૂરી આપવામાં આવશે નહીં. આ લોકોએ સામાજિક અંતરને પણ અનુસરવું પડશે. ફેસ માસ્ક પણ જરૂરી છે.

### સફળ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

શું સમજવું જોઈએ. આ સવાલ પર લુવ અગ્રવાલે જવાબ આપ્યો કે ઘણા રાજ્યોએ રિપોર્ટ કરવામાં વિલંબ કર્યો હતો, જેના કારણે છેલ્લા ૨૪ કલાકમાં મૃત્યુઆંક સંપૂર્ણ રીતે વધી ગયો છે. જો કે, અમે દરેક ક્ષેત્રને નજીકથી જોઈ રહ્યા છીએ. જ્યાં ત્યાં કોઈ દર્દી હોય, અમે તરત જ તેને સમાવી લઈએ છીએ અને આરોગ્ય વિભાગની ટીમ ઘરે ઘરે જઈને લોકોને તપાસવા માટે જાય છે. તેમણે કહ્યું કે આ લડાઈઓ એકલા જીતી શકાતી નથી. આ માટે લોકોના સહકારની જરૂર હોય છે. લોકોએ જાતે સાવચેતી રાખવી પડશે જેથી આ વાયરસને વધતા અટકાવવામાં આવે. કેન્દ્રીય આરોગ્ય પ્રધાન ડોક્ટર હર્ષવર્ધનએ કહ્યું કે, ભારત કોવિડ -૧૯ને સમુદાય સ્તરે ફેલાવવાથી રોકવામાં સફળ રહ્યું. તે જ સમયે, હર્ષ વર્ધનને આશા હતી કે કોરોનાવાયરસ સંકટને લીધે લોકોની આદતોમાં પરિવર્તન આવ્યા છે તે આ રોગચાળાના નિવારણ પછી તંદુરસ્ત સમાજ માટે નવી સામાન્ય વર્તણૂક હશે. સ્વાસ્થ્ય અને કુટુંબ કલ્યાણ પ્રધાન ડો.હર્ષ વર્ધનએ જણાવ્યું હતું કે, જો કોરોનાવાયરસ સંકટ સમાપ્ત થયા પછી, ભારતીયો તેમની રૂટિનમાં હાથ, શ્વસન અને પર્યાવરણીય સ્વચ્છતાની તેમની આદત જાળવી રાખે છે, ત્યારે દેશ ભવિષ્યમાં રોગચાળોનો આ સમયગાળો જોશે. તે આ ટેવોને 'ખરાબ સમયમાં જોવા મળેલ વરદાન' ગણી શકે છે. અર્થતંત્રની જેમ, આરોગ્યને પણ સંપૂર્ણ ધ્યાન આપવાની જરૂર છે. તેમણે કહ્યું, સરકારે સંતુલન અધિનિયમ કરવો પડશે. લોકડાઉન-૩માં આરામના બીજા દિવસે, દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા ભયાનક છે.

### કોરોનાની રસી... ● અનુસંધાન પહેલાનું ચાલુ

હતો કે દેશના વૈજ્ઞાનિકોએ રોગચાળાની રસી આપી હતી. ઈઝરાઈલની અદ્યતન ડિફેન્સ બાયોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ, જેણે કોરોના વાયરસ રસી બનાવી છે, તે તેની ગોપનીયતા માટે વિશ્વભરમાં જાણીતી છે. માનવામાં આવે છે કે આ સંસ્થા સમગ્ર વિશ્વમાંથી જૈવિક અને રાસાયણિક શસ્ત્રોને છુપાવી અને સુરક્ષિત કરે છે અને તેમની સુરક્ષા માટે શસ્ત્રો બનાવે છે. સંરક્ષણ સંસ્થાની સ્થાપના ૧૯૫૨ માં તત્કાલીન વડા પ્રધાનના વૈજ્.ાનિક સલાહકાર પ્રોફેસર અને આર્નેસ્ટ ડેવિડ બર્ગમેન દ્વારા કરવામાં આવી હતી. આ સંસ્થા વિશે કહેવામાં આવે છે કે તે તબીબો તકનીકીઓ અને ચેપી રોગોના નિવારણ પર કામ કરે છે. ઈઝરાઈલમાં રસી અને દવાઓ બનાવવા માટે પણ સંસ્થા જવાબદાર છે. હવે આ લેબોરે કોરોના વાયરસની રસી બનાવવાનો દાવો કર્યો છે. ઈઝરાયલી સંરક્ષણ પ્રધાનના જણાવ્યા અનુસાર, આ રસી એકધારી રીતે કોરોના વાયરસ પર હુમલો કરે છે અને માંદા લોકોના શરીરમાં રહેલા કોરોના વાયરસને દૂર કરે છે. ઈઝરાઈલની સંરક્ષણ બાયોલોજિકલ ઈન્સ્ટિટ્યૂટ દક્ષિણ તેલાબીબથી ૨૦ કિલોમીટર દૂર નેસ ગિઓનામાં છે. સંસ્થામાં ૧૫૦ વૈજ્.ાનિકો સહિત ૩૫૦ થી વધુ લોકો કાર્યરત છે.

### જવાબદારી સોંપાઈ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સમગ્ર રાજ્યમાં આરોગ્યને લગતી તમામ કામગીરીનું સંકલન તેઓના માર્ગદર્શનમાં સુચારૂં રીતે થાય તે હેતુસર મુખ્યમંત્રીશ્રીએ શ્રી પંકજકુમારને આ વિશેષ અધિકારી તરીકે જવાબદારી સોંપી છે.

મુખ્ય સચિવશ્રી અનિલ મુકિમે અમદાવાદ શહેરની કોરોના વાયરસ સંક્રમણની છેલ્લામાં છેલ્લી સ્થિતીનો ઝોન વાઇઝ તાગ મેળવવા મંગળવારે મોડી સાંજે અમદાવાદમાં સાબરમતિ રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કંપનીની કચેરીમાં મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સચિવ શ્રી કે. કૈલાશનાથન અને નવનિયુકત વિશેષ અધિકારી શ્રી ડૉ. રાજીવકુમાર ગુપ્તા અને મ્યુનિસીપલ કમિશનર શ્રી મુકેશકુમાર સાથે બેઠક યોજી હતી.

આ બેઠકમાં બધા જ નાયબ મ્યુનિસીપલ કમિશનરો પણ વિડીયો કોન્ફરન્સથી જોડાયા હતા અને કોરોનાની સ્થિતીની સમીક્ષા અને આગામી રણનીતિ અંગે માર્ગદર્શન મેળવ્યું હતું.

### પેકેજ અનિવાર્ય... ● અનુસંધાન પહેલાનું ચાલુ

કોરોના મહામારીનો માર ઝીલી રહેલા દેશના અર્થતંત્રને પાટા પર લાવવા માટે સરકારને દેશની એક મોટી વસતી પાસે પૈસા પહોંચાડવા પડશે. નોબેલ પુરસ્કાર વિજેતા અર્થશાસ્ત્રી અભિજીત બેનર્જીએ મંગળવારના રોજ કહ્યું કે કોરોના સંકટનો માર ઝીલી રહેલા અર્થતંત્રને પાટા પર લાવવા માટે દેશની વસતીના એક મોટા હિસ્સાના હાથમાં એટલે કે લગભગ ૬૦ ટકા વસ્તીના હાથમાં પૈસા પહોંચાડવા પડશે. રાહુલ ગાંધી સાથે વીડિયો કોન્ફરન્સિંગના માધ્યમથી ચર્ચા દરમ્યાન બેનર્જીએ એ વાત પર પણ જોર આપ્યું કે ભારત સરકારને અમેરિકા અને કેટલાંક બીજા દેશોની જેમ મોટું પ્રોત્સાહન પેકેજ આપવું પડશે જેથી કરીને લોકોના હાથમાં પૈસા આવે અને બજારમાં માંગ વધી શકે.

શું 'ન્યાય'ની યોજનાના તર્જ પર લોકોને પૈસા આપી શકાય, એવા એક સવાલના જવાબમાં તેમણે કહ્યું કે 'ચોક્કસ' આપી શકાય તેમ છે.. સાથો સાથ તેમણે એમ પણ કહ્યું કે જો આપણે નીચલા વર્ગના ૬૦ ટકા વસતીના હાથમાં થોડાંક પૈસા આપીએ છીએ તો તેમાં કશું ખોટું હશે નહીં. આ એક પ્રકારનું પ્રોત્સાહન હશે. જો કે પાછલી લોકસભા ચૂંટણીના સમયે તત્કાલીન કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ ૨૫મી માર્ચના રોજ 'ન્યાય'નું વચન આપ્યું હતું. તેના અંતર્ગત દેશના અંદાજે પાંચ કરોડ ગરીબ પરિવારોને વાર્ષિક ૭૨૦૦૦ રૂપિયા આપવાનું વચન આપ્યું હતું. બેનર્જીએ એમ પણ કહ્યું કે જેમની પાસે રાશન કાર્ડ નથી તેમને કમ સે કમ ત્રણ મહિના માટે અસ્થાયી રાશન કાર્ડ આપવું જોઈએ જેથી કરીને તેમને અનાજ મળી શકે. બેનર્જીએ એમ પણ કહ્યું કે જરૂરિયાતમંદ સુધી પૈસા પહોંચાડવા માટે રાજ્ય સરકારો અને બિન સરકારી સંગઠનોની મદદ લઈ શકાય છે. તેમણે અમેરિકા અને બ્રાઝીલમાં રાષ્ટ્રપતિઓનો હવાલો આપતા કહ્યું કે એ ખોટી ધારણા છે કે આવા સંકટના સમયમાં 'મજબૂત વ્યકત્તિ' સ્થિતને ઉકેલી શકે છે.

કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ રાહુલ ગાંધીએ કોરોના વાઈરસના સંકટ અને તેની આર્થિક અસર અંગેના વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા મંગળવારે નોબલ પુરસ્કારથી સન્માનિત અર્થશાસ્ત્રી અભિજિત બેનર્જી સાથે વાતચીત કરી હતી. અર્થવ્યવસ્થા અને સ્વાસ્થ્યના નિષ્ણાંતો સાથેની ચર્ચા સિરિઝના ભાગરૂપે કોંગ્રેસના નેતાએ મંગળવારે સવારે ૯ કલાકે નોબેલ વિજેતા અભિજિત બેનર્જી સાથે કોરોના વાઈરસથી થયેલા આર્થિક નુકસાન અને આ રોગચાળાને કારણે દેશમાં લોકડાઉન અંગે વાત કરી હતી. તેમને ટ્વીટરના માધ્યમથી આ વિશે માહિતી આપી હતી.